ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળનું જાહેરનામુ.

નં.અમએજી/ચુંટણી પ્રચાર વાહન/વશી.૩૫૪૩/૧૪
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી–બ્લોક,
જિલ્લા સેવા સદન–૨, અઠવાલાઈન્સ, સુરત
તા.૨૫/૦૩/૨૦૧૪

હુ ક મ:–

આગામી લોકસભાની સામાન્ય ચુંટણી–૨૦૧૪ તથા ૧૫૭–માંડવી વિધાનસભા મત વિભાગની પેટા ચુંટણી અંતર્ગત મતદાન તા. ૩૦/૦૪/૨૦૧૪ ના રોજ રાખવામાં આવેલ છે. આ ચુંટણીના ઉમેદવારો અને રાજકીય પક્ષો તરફથી ચુંટણી પ્રચાર માટે વાહનોનો બહોળો ઉપયોગ થનાર છે. જે પ્રચાર સમયે ઘણા પ્રસંગોએ અસામાજિક તત્વો જાહેરમાં મતદારોના મનમાં કોઈ ઉમેદવારના પક્ષમાં મત આપવા ભય ફેલાવે તેવી શકયતા છે. વધુમાં આવા વાહનો ધ્વારા ઘણીવાર ગેરકાયદેસર હથિયાર અને દારૂગોળા આયાત કરી ચૂંટણી પ્રક્રિયાને ખલેલ પહોંચાડે તેવી પણ શકયતા છે. આ ઉપરાંત ચૂંટણી પ્રચાર ટ્રાફીકને અવરોધરૂપ બને નહી તે પણ જોવું જરૂરી છે. આ અંગે ભારતીય ચુંટણી પંચના પત્ર ક્રમાંક:૪૩૭/૬/૦૬–પીએલએન/૩, તા.૨૩/૧૧/૦૭ અને અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક: ઈએલસી/૧૦૦૭–૧૦૭૩ (૨)–છ, તા.૦૧/૦૪/૦૯ ની સુચના અનુસાર વાહનો ઉપર નિયંત્રણ મુકવુ જરૂરી હોઈ ભારતીય ચુંટણી પંચ તરફથી અમુક પ્રતિબંધ ફરમાવેલ છે.

વાસ્તે હું પ્રકાશ એન.મકવાણા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતી અધિ.–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ પોલીસ કમિશનરેટ સિવાયના સુરત (ગ્રામ્ય) વિસ્તાર માટે,

૧. **કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર કે તેના ચુંટણી એજન્ટ કે કાર્યકર ધ્વારા ચુંટણી પ્રચાર માટે પરવાનગી મેળવી માત્ર બે ચક્રીય/ત્રણ ચક્રીય/ચાર ચક્રીય વાહનોનો ઉપયોગ કરી શકાશે.**

૨. **સુરત ગ્રામ્ય વિસ્તારના જાહેર રસ્તાઓ ઉપર એક સાથે ત્રણથી વધુ વાહનોના કાફલામાં સાથે જઈ શકાશે નહી અને આવો કાફલો જો કોઈ કિસ્સામાં ત્રણથી વધુ વાહનોનો હોય તો તેને ત્રણ વાહનોથી વધુ ન થાય તે રીતે ભાગ પાડી અલગ કરવાના રહેશે અને આવા ભાગ પાડેલા બે કાફલા વચ્ચે પણ ઓછામાં ઓછુ ૨૦૦ મીટરનું અંતર રાખવાનું રહેશે.**

અપવાદ :– જે રાજકીય નેતાઓને લોક પ્રતિનિધિત્વ ધારા–૧૯૫૧ ની કલમ–૭૭(૧) હેઠળ મુકિત મળેલ હોય તેઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

વાહનોમાં ટ્રક, ટેમ્પો, કાર, ટેક્ષી, વાન, ત્રણ પૈંડાવાળા વાહનો, સ્કુટરો, રીક્ષા, મીની બસ, ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, સ્ટેશન વેગન તેમજ યાંત્રિક શકિતથી ચાલતા અન્ય વાહનોનો સમાવેશ થશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહીને પાત્ર ઠરશે તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/– નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે.ઉપરાંત લોક પ્રતિનિધિત્વ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૧૩૩ હેઠળ તથા ભારતીય દંડ સંહિતાના પ્રકરણ–૯(ક)(એ) હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૦૪/૦૫/૨૦૧૪ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ.૨૫/૦૩/૨૦૧૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

(પ્રકાશ એન. મકવાણા)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

નકલ જયભારત સહ રવાના–

૧. નોડલ અધિકારીશ્રીઓ તમામ
૨. ચુંટણી અધિકારીશ્રી/મદદનીશ ચુંટણી અધિકારીશ્રીઓશ્રીઓ/ઝોનલ ઓફીસરશ્રી સુરત જીલ્લા તમામ તરફ.
૩. પોલીસ અધિક્ષકશ્રી,સુરત (ગ્રામ્ય) તરફ જાણવા તથા અમલ થવા સારૂ.(૨૦–નકલ)
૪. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત તરફ.
૫. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સીટી પ્રાંત/ઓલપાડ પ્રાંત/બારડોલી પ્રાંત/માંડવી પ્રાંત/કામરેજ પ્રાંત જિ.સુરત
૬. વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ/પોલીસ ઈન્સપેકટરશ્રીઓ/પોલીસ સબ ઈન્સપેકટરશ્રીઓ
૭. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તમામ તરફ જાણવા–વ–અમલ થવા સારૂ.
૮. તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તમામ/મુખ્ય અધિકારીશ્રી, નગર પાલિકા, તમામ તરફ.
૯. ચીફ ઓફીસરશ્રી બારડોલી/માંડવી/કનકપુર–કનસાડ/તરસાડી નગર પાલીકા તરફ.
૧૦. પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જજશ્રી, સુરત તરફ.
૧૧. પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર, સુરત તરફ.
૧૨. માહીતી નિયામકશ્રી, માહીતી ખાતું, સુરત તરફ.
૨/– હુકમની ૧૦– નકલો સાથે દૈનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધી આપવા સારૂ.
૧૩. મેનેજરશ્રી, સરકારી મુદ્રણાલય, વડોદરા તરફ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
૧૪. કચેરી મજકૂરની ચુંટણી શાખા/વહીવટ શાખા અને ગ્રામ પંચાયત ઈલેકશન શાખા, કલેકટર કચેરી, સુરત તરફ.

નકલ સવિનય રવાના–

૧. અધિક સચિવશ્રી,ગૃહ વિભાગ,ગુજરાત રાજય,સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ તથા મંજુરી આપવા સારૂ.
૨. મુખ્ય ચુંટણી અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ.

કલેકટર કચેરી ચૂંટણી શાખા, સુરત. 29 MAR 2014

નાયબ જિલ્લા ચુંટણી અધિકારી સુરત.